નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હેઠળની મદદનીશ શિક્ષક( વર્ગ-૩)ની જગ્યાઓની કેડર સ્ટ્રેન્થ રીવાઈઝ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૭/૩૦૫૬૯૧/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૨/૧૨/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) સા.વ.વિ.ના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃઆરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર.

(૨) સા.ન્યા.અને અ.વિ.ના તા.૦૩/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૭/૩૦૫૬૯૧/અ

(૩) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૬/૦૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૬૪૧૫૨૧/ન.બા.૨૧/અ.૧

(૪) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૬/૦૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૬૪૧૫૮૭/ન.બા.૨૨/અ.૧

(૫) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૬/૦૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૬૪૧૪૬૮/ન.બા.૨૪/અ.૧

(૬) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૬/૦૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૬૪૧૪૬૪/ન.બા.૨૩/અ.૧

(૭) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૬/૦૮/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૨૦-૨૧/૩૨૮૪

<u>આમુખ-</u>

સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા વંચાણે લીધા ક્રમાંક(૧) હેઠળના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ, આ ઠરાવથી મદદનીશ શિક્ષક,વર્ગ.૩ સંવર્ગની કેડર સ્ટ્રેન્થ ૨૮૬ નકકી કરેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨) હેઠળના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૮ના ઠરાવથી મદદનીશ, વર્ગ-૩ની કેડર સ્ટ્રેન્થ વધારીને ૩૫૨ નક્કી કરવામાં આવેલ અને તે પરત્વેનું ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર પણ બહાર પાડવામાં આવેલ હતું.

આ અંગે વિકસતી જાતિ કલ્યણ ખાતા હેઠળની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ના સામાન્ય પ્રવાહનો બીજો વર્ગ તથા ધોરણ-૧૦ના બીજા વર્ગ માટે મદદનીશ શિક્ષકોની નીચે જણાવ્યા મુજબ કુલ ૯૯ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.:

| ક્રમ | જગ્યા મંજૂરીના ઠરાવ નં. અને તારીખ | વર્ગની વિગત | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૮/૬૪૧૫૨૧/ ન.બા.૨૧/અ.૧ તા.૨૬/૦૫/૨૦૨૦ | ધોરણ - ૧૧ સામાન્ય પ્રવાહ (બીજો વર્ગ) | ૫૬ |
| ૨ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૮/૬૪૧૫૮૭/ ન.બા.૨૨/અ.૧ તા.૨૬/૦૫/૨૦૨૦ | ધોરણ - ૧૦ (બીજો વર્ગ) | ૨૮ |
| ૩ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૮/૬૪૧૪૬૮/ ન.બા.૨૪/અ.૧ તા.૨૬/૦૫/૨૦૨૦ (અગરીયા માટે) | ધોરણ - ૧૧ સામાન્ય પ્રવાહ (બીજો વર્ગ) | ૧૦ |
| ૪ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૮/૬૪૧૪૬૪/ ન.બા.૨૩/અ.૧ તા.૨૬/૦૫/૨૦૨૦ (અગરીયા માટે) | ધોરણ - ૧૦ (બીજો વર્ગ) | ૫ |
| | | કુલ | ૯૯ |

આ મંજૂર થયેલ જગ્યાઓનો મદદનીશ શિક્ષક, વર્ગ-૩ સંવર્ગની કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવા અંગે વંચાણે લીધા ક્રમાંક (૭)માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૬/૦૮/૨૦૨૦ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી, જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે મદદનીશ શિક્ષક (વર્ગ-૩) સંવર્ગની મંજુર થયેલ ૩૫૨ કેડર સ્ટ્રેન્થમાં ૯૯ જગ્યાઓનો ઉમેરો કરી મદદનીશ શિક્ષક (વર્ગ-૩) સંવર્ગની કુલ કેડર સ્ટ્રેન્થ ૪૫૧ કરવાનું ઠરાવવામાં આવે છે. મદદનીશ શિક્ષક, વર્ગ-૩ ની તમામ જગાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા૨૬/૧૧/૨૦૨૦ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર

- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ('ઝ.૧' શાખા), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઇલ.